# અમેરિકામાં ફાયરિંગમાં ઘવાયેલા જિંદગી મરણ વચ્ચે ઝોલા ખાતા નડિયાદના ઉજાસ મેનગરનું મોત

**નડિયાદ, તા.૧૭**

અમેરિકામાં ગુજરાતીને ટાર્ગેટ બનાવવાના સમાચાર અવારનવાર



પ્રકાશિત થતા હોય છે. થોડા દિવસ પહેલા અમેરિકામાં ગુજરાતી યુવાન પર ફાયરિંગની ઘટના બની હતી. નડિયાદના ઉજાસ મેનગર નામના યુવાન પર લૂંટના ઈરાદે હુમલો કરાયો હતો. ખેડાના યુવક પર ગોળીબાર થતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો, ત્યારબાદ યુવકને અમેરિકાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. પરંતુ 46 દિવસ સુધી જિંદગી મોત વચ્ચે ઝોલા ખાતા યુવકનું મોત થયું છે. જેને લઈ પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા.

અમેરિકાના નોર્થ કોરોલિના સ્ટેટમાં તે જ વખતે તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. ગ્રીન બોરો સિટીમાં ઉજાસના ઘરની બહાર જ અજાણ્યા વ્યક્તિએ લૂંટના ઈરાદે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જ્યાં ડોક્ટરોએ તાત્કાલિક તેના પર સર્જરી કરી હતી. જોકે, ઉજાસને થયેલી ઈજા ખૂબ જ ગંભીર હોવાના કારણે તેની હાલત નાજુક હતી.

ઉજાસનો પરિવાર ઘણા સમયથી અમેરિકામાં સ્થાયી થયો હતો. ઉજાસ વોલ્વો ટ્રક કંપનીમાં પ્રોડક્ટ મેનેજર તરીકે નોકરી કરતો હતો. ત્યારે ઉજાસ પર થયેલી આ ઘટનાથી તેનો પરિવારમાં શોકમાં ગરકાવ હતો. તો બીજી તરફ અમેરિકા પોલીસ લૂંટારુંઓને શોધવા કામગીરી કરી રહી હતી. દરમિયાન 46 દિવસ સુધી જિંદગી મોત વચ્ચે ઝોલા ખાતા ઉજાસનું ગતરોજ મોત થયું હતું. જેને લઈ નડિયાદ વિસ્તારના પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા.

## 46 દિવસ પહેલા ઉજાસ મેનગર નામના યુવક ઉપર અમેરિકાના નોર્થ કોરોલિના સ્ટેટમાં લૂંટના ઈરાદે ફાયરિંગ થયું હતું. ઉજાસને પેટના ભાગે ગોળી વાગતા હોસ્પિટલ સારવાર સારવાર દરમિયાન મોત

46 દિવસ પહેલા નડિયાદના ઉજાસ મેનગર નામના યુવક ઉપર અમેરિકાના નોર્થ કોરોલીના સ્ટેટમાં હુમલો થયો હતો. લૂંટના ઈરાદે અજાણ્યા વ્યક્તિએ ગ્રીન બોરો સિટીમાં રહેતા ઉજાસ ઉપર ગોળીબાર કર્યો હતો. ઉજાસ પોતાના ઘરની પાસે જ કારમાંથી બહાર નીકળ્યો

આ હુમલામાં ઉજાસના પેટના ભાગે ગોળી વાગતા હોસ્પિટલ સારવાર માટે ખસેડાયો હતો. લૂંટારાએ કરેલા હુમલા બાદ ઉજાસને લોહીલૂહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘાયલ ઉજાસની હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર ચાલી રહી હતી.



સુરતમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હીરાબુર્સ અને એરપોર્ટના નવા ટર્મીનલ બિલ્ડિંગનું ઉદઘાટન કરવા માટે આવ્યા હતા. વહેલી સવારે જ્યારે વડાપ્રધાનનુ આગમન થયું ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટિલ, કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી દર્શના જરદોશ વગેરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકાર્યા હતા. **(તસવીરઃ ડિમ્પલ બંગડીવાલા)**

# ગુજરાતમાં ભારતીય ફિલ્મ સેન્સર બોર્ડની શાખાની શરૂ કરવા નિર્માતાઓની રજૂઆત

**અમદાવાદ, તા.૧૭**

ગુજરાતી ફિલ્મ જગત સાથે સંકળાયેલા નિર્માતાઓની યોજાયેલી બેઠકમાં રાજ્યમાં કેન્દ્રીય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડની એક શાખા શરૂ કરવાની માંગણી કરવામાં આવી હતી. હાલના સ્તરે ગુજરાતી ફિલ્મોની ક્વોલિટીમાં ઘણો સુધારો થયો છે તો સાથે સાથે મોટી સંખ્યામાં બની પણ રહી છે ત્યારે સેન્સર માટે નિર્માતાઓને મુંબઈ જવું પડે છે, જે અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આ સંજોગોમાં સેન્સર બોર્ડની બ્રાન્ચ રાજ્યમાં સ્થાપવામાં તે સમયની માંગ છે. આ માટે બેઠકમાં હાજર તમામ નિર્માતાઓએ કેન્દ્રિય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડને તેમજ કેન્દ્રિય માહિતી પ્રસારણ મંત્રીને પત્ર લખ્યો છે.

નિર્માતાઓનું કહેવું છે કે, ગુજરાતી ઉપરાંત રાજસ્થાની, કચ્છી અને સિંધી ભાષામાં બનતી ફિલ્મોને સેન્સર માટે નિર્માતાઓને મુંબઈ જવું પડે છે, જ્યાં હોટેલમાં રોકાણ કરવા સહિતનો ખર્ચ કરવો પડે છે. મુંબઈનું રોકાણ નિર્મતાઓ માટે અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આ સંજોગોમાં તમામ નિર્માતાઓની



માંગ હતી કે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ધ્યાનમાં રાખીને સ્થાનિક કમીટી બનાવવામાં આવે.આ કમિટી બનાવીને કેન્દ્રીય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડની એક શાખા અમદાવાદ કે પછી પાટનગર ગાંધીનગરમાં શરૂઆત કરવામાં આવે તો ગુજરાત અને રાજસ્થાનના અનેક નિર્માતાઓનો સમય અને ખર્ચ મોટા પ્રમાણમાં બચી શકે.

ગુજરાત સરકાર અગાઉની જેમ ફરી એકવાર ગુજરાતી ફિલ્મ નિગમ શરૂ કરે એવો પણ નિર્માતાઓની બેઠકમાં સૂર ઉઠ્યો હતો. જેના થકી ગુજરાત ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અને તમામ જેટલી પણ ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રી ગુજરાતમાં એક જ પ્લેટફોર્મ પર કામ કરી શકે. નોંધનીય છે કે, ગુજરાત સિનેમેટિક ટુરિઝમ તો ચાલુ થયું જ છે, સાથે સાથે ફિલ્મફેર એવોર્ડ પણ હવે ગુજરાતમાં આવી રહ્યું છે ત્યારે નાના-મોટા તમામ નિર્માતાઓએ સરકારને તેઓની માંગણીઓ પરિપૂર્ણ કરવાનો આગ્રહ કર્યો હતો. આ માટે કેન્દ્રિય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડ અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રીને બેઠકમાં હાજર તમામ નિર્માતાઓની સહી સાથેનો એક પત્ર તૈયારી કરીને સાથે મોકલાયો હતો.

## ગુજરાતી, કચ્છી, રાજસ્થાની, સિંધી સહિતની ભાષાઓનાં ફિલ્મનાં નિર્માતાઓને મોટી રાહત મળશે

# વડોદરા મહાપાલિકાનાં આરોગ્ય વિભાગની પરીક્ષા વ્યવસ્થામાં લોચો, ૧૫૮ ઉમેદવારો પરીક્ષાથી વંચિત

**વડોદરા, તા.૧૭**

વડોદરા શહેરમાં આજે કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ અલગ અલગ જગ્યાઓ માટે આજે પરીક્ષા લેવાઈ હતી. આ દરમિયાન વડોદરાના છેવાડે આવેલી નાલંદા ઈન્ટરનેશનલ સ્કૂલમાં MPHWની પરીક્ષા લેવાઈ હતી. યુનિટ-2માં OMR શીટની અદલાબદલી થઈ જતા 158 જેટલા ઉમેદવારો પરીક્ષા આપવાથી વંચિત રહી ગયા હતા. OMR શીટની અદલા બદલી થઈ ગયા બાદ મોડે મોડે ખબર પડતા ઉમેદવારો પાસેથી OMR શીટ પછી લેવાઈ હતી અને બીજા વિદ્યાર્થીઓને તે OMR શીટ આપવામાં આવી હતી. જોકે, OMR શીટમાં 15થી 20 જેટલા પ્રશ્નોના જવાબ લખી દેવાયા હતા, જેથી વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવાનો ઈન્કાર કર્યો હતો.



## OMR શીટની અદલાબદલી થઈ જવાથી પરીક્ષાર્થી અટવાયા: વિદ્યાર્થીઓનો પરીક્ષા આપવા ઈન્કાર

ભાવનગરના તળાજાથી વડોદરામાં MPHWની પરીક્ષા આપવા માટે આવેલા ગૌતમ જાનીએ જણાવ્યું કે, અમે ભાવનગરથી ટ્રાવેલ કરી વડોદરા આવ્યા છીએ. અમે આખી રાત ઉજાગરો કરીને અહીં વડોદરા પહોંચ્યા છીએ. અમારા માતા પિતાએ પરસેવાની કમાણીથી મહેનત કરીને અમને પરીક્ષા અપાવવા માટે અહીં મોકલ્યા છે. અહીં આવ્યા બાદ અમે જ્યારે પરીક્ષા ખંડમાં બેઠા તો અમને 15 થી 20 જેટલા પ્રશ્નો ભરેલી OMR શીટ આપવામાં આવી હતી. જેથી અમે પરીક્ષા આપવા માટે ઈનકાર કર્યો હતો. આજે અમે પરીક્ષાથી વંચિત રહી ગયા છીએ. વડોદરા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ અમારી એક જ માંગ છે કે, આજની પરીક્ષા રદ્દ કરવામાં આવે.

# ડમ્પર ચાલકોનો ચારેતરફ ઉપદ્રવ:પાટણમાં રસ્તો પસાર કરી રહેલી યુવતીને કચડી મારી

**પાટણ, તા.૧૭**

પાટણમાં રવિવારે સિદ્ધપુર ચોકડી ઉપર બે યુવતીઓ રસ્તો ક્રોસ કરી રહી હતી ત્યારે બેફામ આવી રહેલા ડમ્પર ચાલકે બન્નેને અડફેટે લીધી હતી. ડમ્પરે યુવતીઓને કચડી નાખી હતી. જેમાં એક યુવતીના માથા પર વ્હીલ ફરી વળતા તેનું માથું છૂંદાઇ ગયું હતું. જેના પગલે એક યુવતીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે બીજી યુવતીને પણ ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. આ બન્ને યુવતીઓ મામા-ફોઈની થતી હતી.



## અન્ય યુવતીની હાલત ગંભીર: બંને મામા-ફોઈની બહેનો હતી

પાટણ શહેર સહિત જિલ્લાના હાઈવે ઉપર રેતી ભરીને બેફામ દોડતાં ડમ્પર ચાલકો સતત અકસ્માત સર્જી રહ્યાં છે. વાહન ચાલકો તેમજ રાહદારીઓને અવારનવાર અડફેટે લઈ મોતને ઘાટ ઉતારવાની ઘટનાઓનો સિલસિલો હજુ પણ બંધ થયો નથી. આ વચ્ચે સિદ્ધપુર ચોકડી ઉપર રવિવારે સવારે ખાનપુરડા ગામની બે યુવતી ખાનગી વાહનમાંથી ઊતરી બસ પકડવા માટે નવા બસ સ્ટેન્ડ તરફ જવા નીકળી હતી.

મળતી પ્રાથમિક માહિતી મુજબ બંને ખાનપુરા ગામથી બહુચરાજી નજીક એક ગામમાં લગ્નપ્રસંગમાં જવા માટે ઘરેથી નીકળી હતી. સિદ્ધપુર ચાર રસ્તા ઉપર ચા-પાણી કરી બસ પકડવા માટે બસ સ્ટેન્ડ તરફ જવા નીકળતા રસ્તો ક્રોસ કરવા જઈ રહી હતી ત્યારે અકસ્માતનો ભોગ બની હતી. બન્ને યુવતીઓ મામા-ફઈની થતી હતી. અકસ્માતમાં ખાનપુરડાની દીપિકાબેન હરગોવનભાઈ પરમાર નામની 24વર્ષની યુવતીનું મોત થયું છે. જ્યારે બાળવાની 30 વર્ષીય યુવતી સુનિતાબેન પરમારને ગંભીર ઈજા પહોંચી છે.

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

## ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રક્શન પ્રા. લિ.

CIN:U67100TZ2014PTC020363 કોર્પોરેટ ઓફિસઃ કોહિનૂર સ્ક્વેર, ૪૭મા માળે, એન.સી.કેળકર માર્ગ, આર.જી.ગડકરી ચોક, દાદર(પ),મુંબઈ -૪૦૦૦૨૮
ઈ-મેલ : rajesh.jumani@omkaraarc.com/zuber.khan@omkaraarc.com
અધિકૃત અધિકારીનો મો.નં. +૯૧ ૮૬૫૧૭૯ ૬૯૨૩૩/+ ૯૧ ૮૬૫૭૯ ૬૯૨૩૧

**પરીશિસ્ટ ૪-એ રૂલ ૮(૬)**
**વંચાણે લેતા ૯(૧) મુજબ**
**સ્થાવર મિલકતના વેચાણ માટે જાહેર નોટીસ**

**સિક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ''સકિયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨(સરફાયેસી એકટ) ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)વંચાણે લેતા ૯(૧)મુજબ ઈ -ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ**

આથી જનતાને તથા ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને જણાવવાનું કે નીચે જણાવેલી ગીરો મિલકતો નો કબજો સલામત ધિરાણકાર ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.ના અધિકૃત અધિકારીએ લીધો હતો હવે જયારે મે. ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડ (જે ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે) તેમણે મૂળ ધિરાણકાર ઈન્ડસઈન્ડ બેંક લિ. (એસાઈનર બેંક) પાસેથી તમામ બાકી લેણા વસુલાતના અધિકારો તા.૨૫.૦૬.૨૦૨૧ના એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટ દ્વારા મેળવી લીધા હોવાથી હવે એ નીચે જણાવેલા દેવાદાર(રો)નીબાકી લેણી રકમ વસુલ કરવા ગીરો મિલકતનો કબજો મેળવી ચુકી છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલી બાકી લેણી રકમની વસુલાત માટે નીચે જણાવેલી મિલકતનુવેચાણ હવેસરફાયેસી એક્ટના ખંડ ૧૩(૨) અને (૪) હેઠળ મળેલા અધિકારોનો ઉપયોગ કરી **' જયાં છે ત્યાં છે' જેમ છે તેમ છે' અને કોઈ વિકલ્પ નથી**ના ધોરણેબાકી લેણી રકમ વત્તાવ્યાજ તથા અન્ય ખર્ચાની વસુલાત માટે થશે.જે સલામત ધિરાણકાર મે.ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડના ઉપર જણાવેલા દેવાદાર અને સહદેવાદાર પાસેથી લેણા છે. દેવાદાર(રો)/જામીનદાર/ગીરોદારો,ગીરો મિલકત,બાકી લેણી રકમ, ખંડ ૧૩(૨) મુજબની ડીમાન્ડ નોટીસની તારીખ સ્થાવર મિલકતોનું વર્ણન,અનામત કિંમત અને અર્નેસ્ટમની ડીપોઝીટ અને બોજો( જો હોય તો) ની જાણકારી નીચે મુજબ છે.

| અ. નં. | દેવાદાર(રો)/જામીનદારો/ ગીરોદારોન) નામ | સ્થાવર મિલકતનું વર્ણન | મિલકતના માલિક | તા.૦૫.૦૬.૨૦૨૩ના રોજ બાકી લેણા | ડીમાન્ડ નોટીસની તા. | કબજાની તા. | અનામત કિંમત | બોલી વધારાની રકમ | ઈએમડી | નિરીક્ષણની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ૧) શ્રી મનુભાઈ કે.બાંભણીયા (દેવાદાર) ૨) શ્રીમતી શારદાબેન મનુભાઈ બાંભણીયા (સહદેવાદાર/ગીરોદાર) | તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત વિલા નં.૬૧, ૭/૧૨ મુજબ બ્લોક નં.૮૩૬ ક્ષેત્રફળ ૪૧૮.૩૨ ચો.મી.ની સાથે 'એપલ પુલ વિલા' ની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ બ્લોક નં.૨૦૬, મોજે ગામ હલધરૂ, તા.કામરેજ, જિ.સુરત શારદાબેન મનુભાઈ બાંભણીયા ની માલિકીની મિલકત **ચતુઃસીમાઃ પૂર્વેઃ** સોસાયટીનો રોડ, **પશ્ચિમે :** બ્લોક નં.૨૦૫, **દક્ષિણે :** વિલા નં.૪૫, **ઉત્તરેઃ** વિલા નં.૪૩ | શારદાબેન મનુભાઈ બાંભણીયા | Rs. 79,93,110.03 (રૂપિયા ઓગણએંસી લાખ ત્રાણુ હજાર એકસો દસ પુરા) | 01.03.2022 | 17.06.2023 (વાસ્તવિક) | Rs 75,86,100 (રૂપિયા પંચોતેર લાખ છયાંસી હજાર એકસો પુરા) | Rs. 50,000 (રૂપિયા પચાસ હજાર પુરા) | Rs. 7,58,610 (રૂપિયા સાત લાખ અઠ્ઠાવન હજાર છસ્સો દરસ પુરા) | 03.01.2024 11.00 A.M. to 1:00 PM |

**ખાતા નં.: - ૩૪૪૯૦૫૦૦૧૦૮૪ બેનીફિશિયરીનું નામઃઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટ , બેંકનું નામ : આઈસીઆઈસીઆઈ બેંક,બ્રાંચઃ બાન્દ્રા(પૂર્વ),મુંબઈ,આઈએફએસસી કોડ : ICIC0003449**

**ઈ-ઓકશનની તારીખ : ૧૧.૦૧.૨૦૨૪૧૨.૦૦ થી બપોરે ૦૨.૦૦ સુધી** | **ભાગ લેવા માટેનો પત્ર/કેવાયસી દસ્તાવેજ/રહેઠાણનો પુરાવો અને ઈએમડી ભરી હોવાનો પુરાવો મોકલવાની છેલ્લી તારીખ : ૦૯.૦૧.૨૦૨૪ના રોજ સાંજે ૦૫.૩૦ કલાક સુધી**

**વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે સલામત ધિરાણ કરનાર(ઓએઆરપીએલ)ની વેબસાઈટ http://omkaraarc.com/auction.php અથવા સર્વિસ પ્રોવાઈડરની વેબ સાઈટ http://www.bankeauction.com ની પણ મુલાકાત લઈ શકશે**

**સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૯(૧)મુજબની વૈધાનિક નોટીસ**

આ નોટીસને દેવાદારો/સહદેવાદારોએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૯(૧)મુજબની ૧૫(પંદર)દિવસઅગાઉનીસિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ''સકિયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)અને ૯(૧) મુજબ ઈ - ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની વૈધાનિક નોટીસ ગણવી.જે ઉપર જણાવેલ તારીખે અને સમયે ઈ-ઓકશનનીજાણકારી માટે છે.

**તા.૧૮-૧૨-૨૦૨૩**
**સ્થળઃ સુરત**

**સહી/અધિકૃતઅધિકારી ,**
**ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.**
**(જે ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે.)**

# અમરેલીના બંને પગે વિકલાંગ યુવાને ૧૨ વર્ષમાં નવમી વાર ગિરનાર સર કર્યો

**જુનાગઢ, તા.૧૭**

મૂળ અમરેલીના અને હાલ રાજકોટમાં રહેતા દિવ્યાંગ યુવક પગે ચાલી શકતા ન હોવા છતા 12 વર્ષમાં નવમી વાત ગિરનાર સર કરી અનોખી સિદ્ધી મેળવી છે. વિપુલ બોખરવાડિયા આજે તેમના મિત્ર વર્તુળ સાથે 20 કલાકમાં ગિરનાર ચડીને ઉતરી ગયા હતા અને સાબિત કરી આપ્યું હતું કે, અડગ મનના માનવીને હિમાલય કે ગિરનાર પણ નડતો નથી.



મૂળ અમરેલી જિલ્લાના ચાવંડના વતની અને હાલ રાજકોટમાં રહેતા વિપુલભાઈ બોખરવાડીયાની ઉંમર 2 વર્ષની હતી ત્યારે જ તેમના બંને પગમાં વિકલાંગતા આવી ગયી હતી. વિપુલભાઈ બે પગ અને બંને હાથની મદદ ચાલે છે. 100 જેટલા મિત્રો સાથે ગિરનાર સર કરવા આવેલા વિપુલભાઈ 20 કલાકમાં જ ગિરનાર ચડીને પરત ઉતરી ગયા હતા.

વિપુલભાઈએ આજે નવમી વાર ગિરનાર સર કરવાની સિદ્ધિ મેળવી હતી. દિવ્યાંગ લોકોને પ્રેરણા મળે તે માટે વિપુલભાઈ વર્ષ 2011માં પ્રથમવાર ગિરનાર ચડ્યા હતા. ત્યારથી લઈ આજદિન સુધીમાં નવ વાર ગિરનાર ચડી ચૂક્યા છે. વિપુલભાઈ પ્રથમવાર જ્યારે ગિરનાર ચડ્યા ત્યારે તેમને પ્રોત્સાહન આપવા માટે દસ મિત્રો સાથે જોડાયા હતા. જ્યારે આજે 100થી વધુ મિત્રો વિપુલભાઈને પ્રોત્સાહન આપવા સાથે રહ્યા હતા.

| | | | | |
|---|---|---|---|---|
| **LAN: LXSUR00417-180054191** **શાખા : સુરત** **દેવાદાર : ગણપત હરજીભાઈ રાઠોડ** **સહ દેવાદાર : દયાબેન ગણપતભાઈ રાઠોડ** | 26-09-2019 **ના રોજ** Rs: 624581/- (રૂપિયા છ લાખ ચોવીસ હજાર પાંચસો એક્યાસી પૂરા) | ફ્લેટ નં 211, શિવમ રેસિડેન્સી, શિવનગર, કામરેજ-વાવ રોડ, કામરેજ, સુરત, ગુજરાત-394180. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00316-170035501** **શાખા : સુરત** **દેવાદાર : વિપિનકુમાર અશોકકુમાર સિંઘ** **સહ દેવાદાર : વિપુલ અશોક રાજપૂત** | 23-10-2019 Rs:507275/- **ના રોજ** (રૂપિયા પાંચ લાખ સાત હજાર બસોસો પંચોતેર પૂરા) | ફ્લેટ નં 206, શિવમ રેસિડેન્સી, ગોપાલનગર સોસાયટીની નજીક, કામરેજ, સુરત, ગુજરાત394185-. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00217-180060986** **શાખા : સુરત** **દેવાદાર : રાજેશ મગનભાઈ નાગર** **સહ દેવાદાર : જયશ્રીબેન રાજેશભાઈ નાગર** | 26-03-2019 Rs: 599380/- **ના રોજ** (રૂપિયા પાંચ લાખ નવાણું હજાર ત્રણસો એંસી પૂરા) | બિલ્ડીંગ નં. બી, ફ્લેટ નં 310, રે.સ.નં. 361, બ્લોક નં. 348, શિવમ રેસિડેન્સી, દાદાભગવાન મંદિરની પાછળ, કામરેજ, સુરત, ગુજરાત-394180. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00116-170033358** **શાખા : સુરત** **દેવાદાર : કલ્પેશકુમાર અશોકભાઈ ડોડિયા** **સહ દેવાદાર : અલ્પેશકુમાર અશોકભાઈ ડોડિયા** | 23-10-2019 **ના રોજ** Rs: 346586/- (રૂપિયા ત્રણ લાખ છતાલીસ હજાર પાંચસો છ્યાંસી પૂરા) | ફ્લેટ નં 112, બિલ્ડીંગ નં. સી, પહેલા માળે, શિવમ રેસિડેન્સી, કામરેજ, પ્લોટ નં. 313 થી 324, શિવનગર, સ્વપ્નવિલા નજીક ક્રિષ્ના રેસિડેન્સીની સામે, ચોર્યાસી, સુરત, ગુજરાત-394185. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00216-170050683** **શાખા : સુરત** **દેવાદાર : મહેશકુમાર સુરેશભાઈ ગોહિલ** **સહ દેવાદાર : ભાનુબેન સુરેશભાઈ ગોહિલ** | 23-10-2019 **ના રોજ** Rs: 576296/- (રૂપિયા પાંચ લાખ છોંતેર હજાર બસો છન્નુ પૂરા) | ફ્લેટ નં 212, શિવમ રેસિડેન્સી, શિવનગર, કામરેજ-વાવ, દાદાભગવાન મંદિરની પાછળ, કામરેજ, સુરત, ગુજરાત- 394125. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00316-170035225** **શાખા : સુરત** **દેવાદાર : ઉમેશ બાલ્મિકી પ્રસાદ** **સહ દેવાદાર : રિમ્પુદેવી ઉમેશ પ્રસાદ** | 15-11-2019 **ના રોજ** Rs: 435895/- (રૂપિયા ચાર લાખ પાંત્રીસ હજાર આઠસો પંચાણુ પૂરા) | ફ્લેટ નં એ313-, કામરેજ, શિવમ રેસિડેન્સી, રે,સનં. 360, બ્લોક નં 347, ગોપાલનગર સોસાયટીન નજીક, કામરેજ, સુરત, ગુજરાત- 394150. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00216-170046316** **શાખા : સુરત** **દેવાદાર : જયરાજ પ્રવિણસિંહ જાડેજા** **સહ દેવાદાર : દમયંતિબેન પ્રવિણસિંહ જાડેજા** | 19-12-2019 **ના રોજ** Rs: 559631/- (રૂપિયા પાંચ લાખ ઓગણસાંઈઠ હજાર છસો એકત્રીસ પૂરા) | ફ્લેટ નં એ210-, બીજા માળે, શિવમ રેસિડેન્સી, શિવનગર, કામરેજ-વાન રોડ, દાદા, કામરેજ, સુરત, ગુજરાત-394180. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |

| | | | | |
|---|---|---|---|---|
| **LAN: LXSUR00217-180053458** **શાખા : સુરત** **દેવાદાર : રઘુભાઈ છીબાભાઈ ચૌહાણ** **સહ દેવાદાર : હંસાબેન રઘુભાઈ ચૌહાણ** | 24-01-2020 **ના રોજ** Rs: 559147/- (રૂપિયા પાંચ લાખ ઓગણસાંઈઠ હજાર એકસો સુડતાલીસ પૂરા) | ફ્લેટ નં 303, ત્રીજા માળે, શિવમ રેસિડેન્સી, રે.સ.નં. 360, બ્લોક નં. સી, કામરેજ-વાવ રોડ, બ્લોક નં, 347, દાદા ભગવાન મંદિરની પાછળ, કામરેજ, સુરત, ગુજરાત- 394150. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00217-180052390** **શાખા : સુરત** **દેવાદાર : લાલજીભાઈ રઘુભાઈ ચૌહાણ** **સહ દેવાદાર : રેખાબેન લાલજીભાઈ ચૌહાણ** | 23-12-2020 **ના રોજ** Rs: 576034/- (રૂપિયા પાંચ લાખ છોંતેર હજાર ચોંત્રીસ પૂરા) | ફ્લેટ નં 304, ત્રીજા માળે, બિલ્ડીંગ નં. સી, શિવમ રેસિડેન્સી, શિવનગર, રે.સ.નં. 360, બ્લોક નં. 347, કામરેજ-વાવ રોડ, મહેન્દ્ર શો-રૂમની સામે, કામરેજ, સુરત, ગુજરાત- 394185. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00217-180053072** **શાખા : સુરત** **દેવાદાર : પલ્લુબેન નારણભાઈ ગોહિલ** **સહ દેવાદાર : નારણભાઈ પાલાભાઈ ગોહેલ** | 01-10-2020 **ના રોજ** Rs: 793692/- (રૂપિયા સાત લાખ ત્રાણું હજાર છસો બાણું પૂરા) | ફ્લેટ નં 203, બીજા માળે, બિલ્ડીંગ નં. સી, શિવમ રેસિડેન્સી, શિવનગર, કામરેજ-વાવ રોડ, મહિન્દ્રા શો રૂમની સામે, કામરેજ, સુરત, ગુજરાત 394180-. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00216-170039355** **શાખા : સુરત** **દેવાદાર : સૌરભ મહેશ વાઘેલા** **સહ દેવાદાર : નીરવ મહેશ વાઘેલા** | 19-12-2019 **ના રોજ** Rs: 476458/- (રૂપિયા ચાર લાખ છોંતેર હજાર ચારસો અઠ્ઠાવન પૂરા) | ફ્લેટ નં 214, સી-વિંગ, રે.સ.નં. 360, બ્લોક નં. 347, શિવમ રેસિડેન્સી, દાદા ભગવાન મંદિરની નજીક નનસાડ રોડ, સુરત, ગુજરાત- 395327. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |
| **LAN: LXSUR00216-170039359** **શાખા : સુરત** **દેવાદાર : સૌરભ મહેશ વાઘેલા** **સહ દેવાદાર : નીરવ મહેશ વાઘેલા** | 19-12-2019 **ના રોજ** Rs: 474421/- (રૂપિયા ચાર લાખ ચુંમોતેર હજાર ચારસો એકવીસ પૂરા) | ફ્લેટ નં 201, સી-વિંગ, બ્લોક નં, 347, સ.નં. 360, શિવમ રેસિડેન્સી, દાદા ભગવાન મંદિરની નજીક, નનસાડ રોડ, કામરેજ, સુરત, ગુજરાત- 394180. | **અનામત કિંમત રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર પૂરા)** **ઈએમડી રૂ. 13,000/- (રૂપિયા તેર હજાર પૂરા)** **ઈએમડીની છેલ્લી તારીખ : ૨૧-૦૧-૨૦૨૪** | તા. ૨૨/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક (દરેક ને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે) |

**ઈ-ઓકશનની શરતો અને નિયમોઃ**
૧. ઓકશન બીડ ડોક્યુમેન્ટસના નિયમો અને શરતો મુજબ નિશ્ચિત પ્રક્રિયા મુજબ થશે.બીડરોએ અમારા ઈ-ઓકશન સર્વિસ પ્રોવાઈડર **મે. ગ્લોબ ટેક ઈન્ફોસિસ્ટમ્સ પ્રા.લિ.** ના વેબ પોર્ટલ **https://BestAuctionDeal.com** ની મુલાકાત લેવી, બીડ ડોક્યુમેન્ટસ મેળવી ઓકશનમાં મુકાયેલી મિલકતની વિગતો જાણી લઈને બીડર બીડ ફોર્મ ઓનલાઈન રજુ કરી શકશે. રસ ધરાવનારાઓએ ઓકશનના નિયમો અને શરતોનો અભ્યાસ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા કરી લેવો અથવા **બારોટ અંકિત કુમાર -૭૦૪૫૧૫૫૬૨૪/દાતાર સિંઘ ચૌહાણ-૯૮૨૯૦૯૮૬૭૭/દિપક કે.ઠાકુર-૯૭૨૬૬૨૪૧૫૮/ગાયકવાડ જિતેન્દ્ર ભાસ્કર-૯૩૭૨૭૦૫૪૪૬/મહાજન સંદિપ લોટનભાઈ-૮૧૦૪૮૦૨૧૯૬/રાજપૂત હેમંત-૯૩૭૨૭૧૩૧૭૯/રવિ શંકર તિવારી-૮૧૦૪૮૦૨૧૯૬નો સંપર્ક કરવો.** ઉપર જણાવેલ વેબ પોર્ટલ પર બધી વિગતો ઉપલબ્ધ છે અને જરૂર લાગે તો સેન્ટ્રલાઈઝડ હેલ્પ ડેસ્ક નો +૯૧ ૯૮૧૦૦ ૮૯૯૩૩, +૯૧ ૧૨૪ ૪૪ ૭૦ ૮૫૫ અથવા ઈમેલ આઈડી : Care@BestAuctionDeal.com નો સંપર્ક કરવો

**સ્થળઃ ગુજરાત**
**તારીખઃ ૧૮.૧૨.૨૦૨૩**
*** ભાષાંતરમાં ત્રુટી અથવા વિસંગતતા હશે તો અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**(મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ)**

# રાજકોટમાં રખડતા કુતરાઓનો ત્રાસ, છ વર્ષનાં બાળકને બચકા ભર્યા, બીજા દિવસે પણ તરખાટ

**રાજકોટ, તા.૧૭**

રાજકોટનાં જંગલેશ્વર તેમજ નીલકંઠપાર્ક વિસ્તારમાં રખડતાં શ્વાનોના આતંકથી સ્થાનિકો ફફડી રહ્યા છે. પખવાડિયા જેટલા ટૂંકા સમયમાં હિંસક બનેલા શ્વાનોએ બે બાળકો પર હુમલો કર્યાની ઘટના સામે આવી હતી. તો ગઈકાલે વધુ એક 8 વર્ષના બાળક પર 6 જેટલા શ્વાનનાં ટોળાએ હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. તો આજે ફરી એકવાર સ્થાનિકો પાછળ રખડતા શ્વાન દોડતા ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વારંવાર ફરિયાદ કરવા છતાં તંત્રએ કોઈ કાર્યવાહી ન કરતા સ્થાનિકોએ હવે જાતે જ શ્વાનને પકડવાની શરૂઆત કરી છે. આ અંગે એક સ્થાનિકે જણાવ્યું કે અમે વારંવાર તંત્રને ફરિયાદ કરી છે પરંતુ કોઈ નિરાકરણ આવતુ નથી.